**(૨૦)**

**પ્ર. ૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

**(૧) માત્ર સંખ્યા લખો.** **(૩)**

| | **જવાબ** |
|---|---|
| ૧. નવકાર મંત્રના શબ્દ | **૬/૧૨** |
| ૨. ડાંસની ઈન્દ્રિય | **૪** |
| ૩. બીજા વ્રતમાં આવતા મોટા જૂઠ | **૫** |
| ૪. પાખંડીના મત | **૩૬૩** |
| ૫. સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયન | **૧૬** |
| ૬. પાંચમા શ્રમણસૂત્રના નિર્ગ્રંથ પ્રવચનના વિશેષણો | **૧૩** |

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો.** **(૩)**

| | | **શુદ્ધ** |
|---|---|---|
| ૧. ઉજ્જાગરે | **અશુદ્ધ** | **ઉજ્જોયગરે** |
| ૨. પ્રાયશ્ચિત્ત | **અશુદ્ધ** | **પાયચ્છિત્ત** |
| ૩. સવ્વ મિચ્છોવયારાએ | **શુદ્ધ** | **–** |
| ૪. સંસ્સુદ્ધં | **અશુદ્ધ** | **સંસુદ્ધં** |
| ૫. ચાઉક્કાલં | **શુદ્ધ** | **–** |
| ૬. સુયે | **અશુદ્ધ** | **સુએ** |

**(૩) નીચેના વાક્ય કયા અતિચાર માટે બંધબેસતા છે?** **(૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. અષાઢ સુદ બીજના દેવસી પ્રતિક્રમણ પછી પુચ્છિંસ્સુણં ફેરવ્યું હોય. | **અકાલે કઓ સજ્ઝાઓ** |
| ૨. અખા ત્રીજના મર્યાદા ઉપરાંત સોનું ખરીદ્યું હોય. | **હિરણ્ણ સુવણ્ણપ્પમાણાઈક્કમે** |
| ૩. ગણેશ ચતુર્થીના દિવસે કાચી ખસખસમાં રગડોળેલા લાડુ વહોરાવ્યા હોય. | **સચિત્ત નિક્ખેવણયા** |
| ૪. નાગપંચમીના દિવસે નાગની કાંચળીનો વેપાર કર્યો હોય. | **કેસવાણિજ્જે** |

**(૪) નીચેના શબ્દ કયા પાઠના છે?** **(૨)**

૧. તથા – **ત્રીજું અણુવ્રત,** પહેલું અણુવ્રત     ૨. મૂળ – **ચોથું અણુવ્રત**

૩. પ્રાણી – **ચત્તારિ મંગલ સૂત્ર**     ૪. કર – **પહેલું અને ત્રીજું ખામણું**

**(બ) આવશ્યક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (માત્ર જવાબ લખવા.)** **(૧૦)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સાધકે પ્રતિદિન સવારે અને સાંજે શું કરવાનું છે? | **આત્મ નિરીક્ષણ – પ્રતિક્રમણ** |
| ૨. પ્રતિક્રમણ જૈન સાધના પદ્ધતિમાં શેના સમાન છે? | **ઓક્સિજન** |
| ૩. ચોથો આવશ્યક કયો છે? | **પ્રતિક્રમણ** |
| ૪. શેની પ્રાપ્તિ થયા પછી મિથ્યાત્વનું પ્રતિક્રમણ થાય? | **સમ્યગ્દર્શન** |
| ૫. કારણની અપેક્ષા પ્રતિક્રમણના કેટલા પ્રકાર છે? | **પાંચ** |
| ૬. પ્રતિક્રમણ શેની મહત્ત્વપૂર્ણ સાધના છે? | **આત્મવિશુદ્ધિ** |
| ૭. પચ્ચક્ખાણનો ઉપદેશ કોના દ્વારા કહેવાયો છે? | **સર્વજ્ઞ** |
| ૮. સાધકે સમગ્ર સાધના શેનાથી પર થઈને કરવાની છે? | **દેહભાવથી** |
| ૯. વોસિરામિ શબ્દનું ઉચ્ચારણ કરવું એટલે શું? | **અનુભાષણ** |

૧૦. શેની સિદ્ધિ માટે કાયોત્સર્ગ ઉત્તમ સાધના છે? **લક્ષ્ય**
૧૧. છટ્ઠા આવશ્યકનું બીજું નામ શું છે? **ગુણધારણા**
૧૨. કાયોત્સર્ગમાં શેના મમત્વનો ત્યાગ કરવાનો છે? **શરીર**
૧૩. નિવિમાં કેટલા આગાર છે? **નવ**
૧૪. ૨૪ કલાકના કેટલા પ્રહર થાય? **આઠ**
૧૫. ચૈત્રી પૂર્ણિમાના દિવસે કયું પ્રતિક્રમણ કરવાનું હોય છે? **પાખી**
૧૬. ઉભયકાળ કરાતું પ્રતિક્રમણ અહોરાત્રિના કયા સમયમાં થાય છે? **રાત્રિના**
૧૭. અનુયોગદ્વાર સૂત્રમાં પાંચમા આવશ્યક માટે કયો શબ્દ વાપર્યો છે? **વ્રણચિકિત્સા**
૧૮. બ્રહ્મચર્ય વ્રતના પચ્ચક્ખાણનો સમાવેશ શેમાં થાય છે? **મૂળગુણમાં**
૧૯. કાયોત્સર્ગમાં એક અતિચારનું બીજું ચિંતન શેનું કરવાનું છે? **તપનું**
૨૦. કયા પચ્ચક્ખાણમાં આઠ પ્રહર સુધી ચાર આહારનો ત્યાગ કરવાનો છે? **ઉપવાસ**

(૨૦)

**પ્ર. ૨ (અ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સમાધિ શબ્દ કયા અર્થમાં પ્રયુક્ત થયો છે?

**જ. સમાધિ શબ્દ ચિત્તની સ્વસ્થતા, સાત્ત્વિક સુખ-શાંતિ, આનંદ-પ્રમોદ, રાગાદિ મલિન ભાવોથી નિવૃત્તિ, ચિત્ત પ્રસન્નતા કે મનોદુ:ખનો અભાવ આદિ અર્થમાં પ્રયુક્ત થયો છે.**

૨. દર્શન સમાધિથી કોણ દૂર રહે છે?

**જ. એકાંત ક્રિયાવાદી વિષયભોગની ક્રિયાને સુખ કે સમાધિકારક માને છે, એકાંત અક્રિયાવાદી આત્માને નિષ્ક્રિય કે અકર્તા માનીને તત્કાલ જન્મેલા બાળકના ટુકડા કરીને તેમાં આનંદ માને છે અને આવી અનેક પાપજન્ય માન્યતા હોવાથી તેઓ દર્શન સમાધિથી દૂર રહે છે.**

૩. વિનયવાદીનું કથન યથાર્થ શા માટે નથી?

**જ. વિનયવાદીનું કથન એકાંતિક હોવાથી યથાર્થ નથી. વિનય ધર્મનું મૂળ છે. ચારિત્રનું અંગ છે, પરંતુ સમ્યગ્ દર્શન અને સમ્યગ્જ્ઞાન વિનાનો વિનય મોક્ષસાધક નથી. વિવેક વિનાના વિનયથી દોષોનો નાશ થતો નથી અને આ પ્રકારના વિનયથી સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ થાય તે કથન યથાર્થ નથી.**

૪. સમવસરણ એટલે શું? અહીં કયા અર્થમાં છે?

**જ. સમવસરણ એટલે મિલન, મેળો, સમુદાય, એકત્રિત થવું અને વિશિષ્ટ પ્રસંગે અનેક સાધુઓને એકત્રિત થવાનું સ્થાન અથવા તીર્થંકર ભગવાનની ધર્મસભાને સમવસરણ કહે છે. અહીં વિવિધ પ્રકારના વાદો-મતો અને મતપ્રવર્તકોનું સંમેલન એ અર્થમાં છે.**

૫. પ્રશસ્ત ભાવમાર્ગ એટલે શું? તેના કેટલા ભેદ છે? તેનાથી શું ફાયદો થાય?

**જ. પ્રશસ્ત ભાવો જેના દ્વારા શાંતિ અને સમાધિ પ્રાપ્ત થાય તે પ્રશસ્ત ભાવમાર્ગ છે. તેના સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એ ત્રણ ભેદ છે. તે વીતરાગી પરમાત્મા દ્વારા કથિત હોવાથી પૂર્ણ સત્ય છે. તે માર્ગ પર કરેલો પુરુષાર્થ કર્મનો નાશ કરી અંતે નિર્વાણ પ્રાપ્ત કરાવે છે.**

**(બ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ૨, ૪, ૭, ૯ એ ચાર પ્રવ્રજ્યાના પ્રકાર લખો.

**જ. ૨ રોસા – ક્રોધથી દીક્ષા લેવી. ૪ સ્વપ્ના – સ્વપ્નમાં થતા સંકેતથી કે વિશિષ્ટ સ્વપ્નના કારણે દીક્ષા લેવી. ૭ રોગણિકા – રોગના કારણે સંસારથી વિરક્ત બનીને દીક્ષા લેવી. ૯ દેવ સંજ્ઞપ્તિ – દેવ દ્વારા પ્રતિબોધિત થઈ દીક્ષા લેવી.**

૨. કારુણ્ય દાન અને અતિક્રાંત પ્રત્યાખ્યાન કોને કહેવાય?

**જ. કારુણ્ય દાન – પુત્રાદિના વિયોગને કારણે થતો શોક કારુણ્ય કહેવાય છે. શોકવશ પિતૃ આદિના નિમિત્તે જે દાન અપાય તે કારુણ્ય દાન અર્થાત્ મૃત વ્યક્તિની પાછળ જે દાન અપાય તે.**

**અતિક્રાંત પ્રત્યાખ્યાન – પહેલા જે તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હતા, તે ગુરુ, તપસ્વી કે બિમારની સેવા આદિના કારણે થઈ શક્યા ન હોય અને તે તપ–નિયમાદિને પછી કરે તો તે અતિક્રાંત પ્રત્યાખ્યાન છે.**

૩. શસ્ત્ર કેટલા પ્રકારના છે? કયા કયા?

**જ. શસ્ત્ર દશ પ્રકારના છે – અગ્નિ શસ્ત્ર, વિષ શસ્ત્ર, લવણ શસ્ત્ર, સ્નેહ શસ્ત્ર, ક્ષાર શસ્ત્ર, અમ્લ શસ્ત્ર, દુષ્પ્રયુક્ત મન, દુષ્પ્રયુક્ત વચન, દુષ્પ્રયુક્ત કાય, અવિરતિ ભાવ.**

૪. કેવળી કેટલા અને કયા પદાર્થોને સંપૂર્ણપણે જાણે છે?

**જ. દશ – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીર મુક્ત જીવ, પરમાણુ પુદ્‌ગલ, શબ્દ, ગંધ, વાયુ, આ જીવ જિન થશે કે નહિ?, આ જીવ સર્વ દુ:ખોનો અંત કરશે કે નહિ?**

૫. કોષ્ટકમાં આપ્યા પ્રમાણે માત્ર દશ અચ્છેરાના નામ લખો. સમય નહીં.

**જ. કેવળીપણામાં ઉપસર્ગ, ગર્ભાપહરણ, સ્ત્રી તીર્થંકર, અભાવિત પરિષદ, કૃષ્ણનું અમરકંકા જવું, ચંદ્ર–સૂર્યનું મૂળ વિમાન સાથે અવતરણ, હરિવંશની ઉત્પત્તિ, ચમરનો ઉત્પાત, ૧૦૮ સિદ્ધ થયા, અસંયતિ પૂજા.**

(૧૦)

**પ્ર. ૩ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે માત્ર એક વાક્યમાં જવાબ લખો.**

૧. ચંપાનગરીમાં ક્યાં કયું ઉદ્યાન હતું?

**જ. ચંપાનગરીની બહાર ઈશાન દિશામાં સુભૂમિભાગ નામનું ઉદ્યાન હતું.**

૨. ચંપાનગરીના ત્રણ બ્રાહ્મણ અને તેમની પત્નીના નામ લખો.

**જ. ત્રણ બ્રાહ્મણો – સોમ, સોમદત્ત, સોમભૂતિ. તેમની પત્નીના નામ – નાગશ્રી, ભૂતશ્રી, યક્ષશ્રી.**

૩. કોણે કોને કેવું શાક વહોરાવ્યું?

**જ. નાગશ્રી બ્રાહ્મણીએ ધર્મરૂચિ અણગારને કડવી તુંબડીનું શાક વહોરાવ્યું.**

૪. નાગશ્રી ભવભ્રમણ પછી ક્યાં કોને ત્યાં ઉત્પન્ન થઈ?

**જ. જંબૂદ્વીપના ભરતવર્ષના ચંપાનગરીમાં સાગરદત્ત સાર્થવાહની ભદ્રા ભાર્યાની કુક્ષિએ બાલિકારૂપે ઉત્પન્ન થઈ.**

૫. દ્રૌપદીનો જીવ ક્યાં ઉત્પન્ન થયો?

**જ. બ્રહ્મલોક નામના સ્વર્ગમાં દ્રુપદ દેવરૂપે ઉત્પન્ન થયો.**

૬. સાગરપુત્રને સુકુમાલિકાના હાથનો સ્પર્શ કેવો લાગ્યો?

**જ. તલવાર, શસ્ત્ર, અગ્નિ આદિ જેવો મારક, દાહક અનિષ્ટ લાગ્યો.**

૭. દેવે દ્રૌપદીનું અપહરણ કરીને ક્યાં મૂકી?

**જ. પદ્મનાભ રાજાના ભવનની અશોકવાટિકામાં મૂકી દીધી.**

૮. કૃષ્ણ વાસુદેવે પદ્મનાભને કોની સાથે શું સંદેશો મોકલ્યો?

**જ. દારુક નામના સારથિ સાથે પદ્મનાભને સંદેશો મોકલ્યો કે તે દ્રૌપદી દેવી કૃષ્ણ વાસુદેવને સોંપી દે નહિ તો યુદ્ધ માટે તૈયાર થઈ જા.**

૯. કપિલ વાસુદેવે અમરકંકા રાજધાનીમાં જઈને વિગત જાણીને શું કર્યું?

**જ. કપિલ વાસુદેવે પદ્મનાભ રાજાને દેશનિકાલની આજ્ઞા આપીને તેમના પુત્રને રાજધાની સોંપી.**

૧૦. સુકુમાલિકાએ કોને જોઈને શું નિયાણું કર્યું?

**જ. પાંચ પુરુષો સાથે ક્રીડા કરતી ગણિકાને જોઈને પાંચ પતિની પ્રાપ્તિનું નિયાણું કર્યું**

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૮)**

૧. એયં ...... દેસિયં **પાના નં. ૬૩ ગાથા ૫** ૨. એએ ...... ણાયવ્વો **પાના નં. ૭૨ ગાથા ૧૯**

૩. ણત્થિ ...... સમત્તં **પાના નં. ૭૭ ગાથા ૨૯** ૪. ખવિત્તા ...... મહેસિણો **પાના નં. ૮૫ ગાથા ૩૬**

**(૨) નીચેની ગાથાઓનો માત્ર ભાવાર્થ લખો.** **(૬)**

૧. મોક્ખમગ્ગગઈં તચ્ચં, સુણેહ જિણભાસિયં । ચઉકારણસંજુત્તં, ણાણ–દંસણ–લક્ખણં ॥

**જ. પાના નં. ૬૧ ગાથા – ૧ નો માત્ર ભાવાર્થ.**

૨. જીવાજીવા ય બંધો ય, પુણં પાવાસવો તહા । સંવર ણિજ્જરા મોક્ખો, સંતેએ તહિયા ણવ ॥

**જ. પાના નં. ૬૮ ગાથા – ૧૪ નો માત્ર ભાવાર્થ.**

૩. જો અત્થિકાય ધમ્મં, સુયધમ્મં ખલુ ચરિત્તધમ્મં ચ, સદ્દહઈ જિણાભિહિયં, સો ધમ્મરુઈ ત્તિ ણાયવ્વો ॥

**જ. પાના નં. ૭૬ ગાથા – ૨૭ નો માત્ર ભાવાર્થ.**

**(૩) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૬)**

૧. પર્યાયના લક્ષણ ક્યા ક્યા છે?

**જ. એકઠા થવું, વિખેરાઈ જવું, સંખ્યા, આકાર, સંયોગ, વિયોગ.**

૨. સમ્યક્દર્શનની રુચિ કેટલી છે? પ્રથમ ત્રણ રુચિ લખો.

**જ. દશ રુચિ. નિસર્ગ રુચિ, ઉપદેશ રુચિ, આજ્ઞા રુચિ.**

૩. બીજું અને ચોથું ચારિત્ર લખો.

**જ. છેદોપસ્થાપનીય ચારિત્ર અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર.**

૪. ૩૪ મી ગાથામાં તપના કેટલા પ્રકાર બતાવ્યા છે? ક્યા ક્યા?

**જ. બે. બાહ્ય અને આભ્યંતર.**

૫. શું કરીને જીવો સુગતિ પ્રાપ્ત કરે છે?

**જ. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના માર્ગનું આચરણ કરીને જીવો સુગતિ પ્રાપ્ત કરે છે.**

૬. સમ્યક્દર્શનના આચાર કેટલા છે? છેલ્લા બેના માત્ર નામ લખો.

**જ. આઠ આચાર. વાત્સલ્ય, પ્રભાવના.**

**(૨૦)**

**પ્ર. ૫ ૨૩ પદવીના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો.**

૧. ઉત્તમ પદવી કેટલી છે? કઈ કઈ?

**જ. ઉતમ પદવી નવ છે. તીર્થંકરની પદવી, ચક્રવર્તીની પદવી, વાસુદેવની પદવી, બળદેવની પદવી, માંડલિકની પદવી, કેવળીની પદવી, સાધુની પદવી, શ્રાવકની પદવી, સમકિતની પદવી.**

૨. ચક્રરત્ન, પુરોહિત, ખડગરત્ન અને ગજરત્નની અવગાહના લખો.

**જ. અવગાહના – ચક્રરત્ન – એક ધનુષ પ્રમાણ હોય. પુરોહિત – ચક્રવર્તીની અવગાહના પ્રમાણે હોય.
ખડગરત્ન – ૫૦ આંગુલ લાંબું, ૧૬ આંગુલ પહોળું, અર્ધ આંગુલ જાડું અને ૪ આંગુલની મુષ્ટિ હોય.
ગજરત્ન – ચક્રવર્તીથી બમણો હોય.**

૩. પંચન્દ્રિય રત્ન ક્યાં ઉત્પન્ન થાય?

**જ. સેનાપતિ, ગાથાપતિ, વાર્ધિક અને પુરોહિત આ ચાર રત્ન ચક્રવર્તીના નગરમાં ઉત્પન્ન થાય. સ્ત્રીરત્ન વિદ્યાધરની શ્રેણીમાં ઉત્પન્ન થાય. ગજરત્ન અને અશ્વ રત્ન વૈતાઢ્યના મૂળમાં (તળેટી) ઉત્પન્ન થાય.**

૪. લક્ષ્મીના ભંડારમાં ઉત્પન્ન થતા રત્નનું કાર્ય શું છે?

**જ. ચર્મરત્ન – નદી, જળાશય વગેરે ઉપર નાવ માફક કાર્ય કરે. મણિરત્ન – હસ્તીરત્નના કપાળ પર બાંધવાથી પ્રકાશ આપે. કાકણ્યરત્ન – ગુફામાં યોજન યોજનના અંતરે વર્તુળાકારે ઘસવાથી સૂર્યમંડળ સમાન પ્રકાશ આપે.**

૫. પહેલી, ચોથી, સાતમી નરકમાંથી નીકળી કેટલી અને કઈ પદવી પામે?

**જ. પહેલી નરકમાંથી નીકળેલો જીવ ૨૩ પદવીમાંથી ૧૬ પદવી પામે તે તીર્થંકર, ચક્રવર્ત્તી, વાસુદેવ, બળદેવ, માંડલિક, કેવળી, સાધુ, શ્રાવક, સમકિતી, ૭ પંચેન્દ્રિય રત્ન અથવા ૭ એકેન્દ્રિય રત્ન વર્જીને.
ચોથી નરકમાંથી નીકળેલો જીવ ૨૩ પદવીમાંથી ૧૨ પદવી પામે તે માંડલિક, કેવળી, સાધુ, શ્રાવક, સમકિતી,**

**૭ પંચેન્દ્રિય રત્ન અથવા ૭ એકેન્દ્રિય રત્ન, તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ એ ૧૧ વર્જીને. સાતમી નરકમાંથી નીકળેલો જીવ ૨૩ પદવીમાંથી ૩ પદવી પામે, ગજરત્ન, અશ્વરત્ન અને સમકિત.**

૬. ક્યાંથી નીકળેલા જીવ ૨૩ પદવી પામી શકે? ત્યાં કેટલી પદવીવાળા ઉપજી શકે?

**જ. પહેલા–બીજા દેવલોકમાંથી નીકળેલા જીવ ૨૩ પદવી પામી શકે. ત્યાં ચાર પદવીના ઉપજી શકે – સાધુ, શ્રાવક, સમકિત, માંડલિક.**

૭. તિર્યંચ અને નરક ગતિમાં કેટલી અને કઈ પદવી લાભે?

**જ. તિર્યંચ ગતિમાં ૧૧ પદવી લાભે – ૭ એકેન્દ્રિય રત્ન, ગજરત્ન, અશ્વરત્ન, તિર્યંચ શ્રાવક અને સમકિત. નરક ગતિમાં ૧ પદવી પામે – સમકિત.**

૮. કેટલી પદવી હોય માત્ર સંખ્યા લખો.

હેમવયના મનુષ્ય – **એક,** મચ્છર – **એક,** ચક્વર્તી – **છ,** આઠ કર્મ વેદકમાં – **૨૧**

૯. અધો, ઉર્ધ્વ, તિર્ચ્છા અને અલોકમાં કેટલી અને કઈ પદવી લાભે?

**જ. અધોલોક અને તિર્ચ્છાલોકમાં ૨૩ પદવી લાભે. ઉર્ધ્વલોકમાં ૫ પદવી લાભે – કેવળી, સાધુ, શ્રાવક, સમકિત, માંડલિક. અલોકમાં એકપણ પદવી ન લાભે.**

૧૦. ૨૩ પદવીનો થોકડો જાણવાથી શું લાભ થાય છે? (ત્રણથી ચાર લીટીમાં)

**જ. ૨૩ પદવીમાં તીર્થંકર પાસે આધ્યાત્મિક શ્રેષ્ઠતા છે. ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ પાસે શ્રેષ્ઠ ભૌતિકતા છે. જ્યારે સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા આધ્યાત્મિક શ્રેષ્ઠતા પામવા ઉત્સુક છે. આ શ્રેષ્ઠતા કેવી રીતે મળે તે જાણીએ તો આચારમાં મૂકી શકાય. ભૌતિક શ્રેષ્ઠતા છોડીએ નહિ તો નરકના દુ:ખ ભોગવવા પડે તેમ જ ચક્રવર્તીના ૧૪ રત્નોના કાર્ય પણ જાણવા મળે છે તેમ જ કોઈપણ પદ કે પ્રતિષ્ઠતા માટે રાગ–દ્વેષ કે વેર–વિરોધ કરવા યોગ્ય નથી.**

**પ્ર. ૬ નીચેના જીવોની માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.) (૧૦)**

૧. અધોલોક મનયોગીમાં ૨. કૃષ્ણલેશી સમ્યગ્દષ્ટિમાં ૩. એકવેદી ત્રસમાં ૪. અવધિજ્ઞાનીમાં
૫. મનયોગી મિથ્યાત્વીમાં ૬. વૈક્રિય મિશ્રમાં ૭. પંચેન્દ્રિય શાશ્વતામાં
૮. પ્રત્યેક શરીરી પર્યાપ્તામાં ૯. શાશ્વત બાદરમાં ૧૦. ભવ્યસિદ્ધિક શાશ્વતામાં

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. અધોલોક મનયોગીમાં | ૭ | ૫ | ૧ | ૨૫ | ૩૮ |
| ૨. કૃષ્ણલેશી સમ્યગ્દષ્ટિમાં | ૫ | ૧૮ | ૯૦ | ૭૨ | ૧૮૫ |
| ૩. એકવેદી ત્રસમાં | ૧૪ | ૧૬ | ૧૦૧ | ૭૦ | ૨૦૧ |
| ૪. અવધિજ્ઞાનીમાં | ૧૩ | ૫ | ૩૦ | ૧૬૨ | ૨૧૦ |
| ૫. મનયોગી મિથ્યાત્વીમાં | ૭ | ૫ | ૧૦૧ | ૯૪ | ૨૦૭ |
| ૬. વૈક્રિય મિશ્રમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૮૪ | ૨૧૯ |
| ૭. પંચેન્દ્રિય શાશ્વતામાં | ૭ | ૧૫ | ૧૦૧ | ૯૯ | ૨૨૨ |
| ૮. પ્રત્યેક શરીરી પર્યાપ્તામાં | ૭ | ૨૨ | ૧૦૧ | ૯૯ | ૨૨૯ |
| ૯. શાશ્વત બાદરમાં | ૭ | ૩૩ | ૧૦૧ | ૯૯ | ૨૪૦ |
| ૧૦. ભવ્યસિદ્ધિક શાશ્વતામાં | ૭ | ૪૩ | ૧૦૧ | ૯૯ | ૨૫૦ |

**જય જિનેન્દ્ર**